રાજ્યમાં સૂક્ષ્મ સિંચાઈ યોજના, ટપક અને ફુવારા પદ્ધતિ અન્વયે સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ વધુમાં વધુ ખેડૂતોને આવરી લેવા બાબતે – યોજનાના વર્તમાન સહાય ધોરણોની ટકાવારી યથાવત રાખી રકમ મર્યાદા (સિલીંગ) દૂર કરવા બાબત.

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ ક્રમાક:પરચ/૧૦૨૦૦૫/૪૯૭(૩૮)પાર્ટ–૫/ન.
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૪/૦૪/૨૦૨૫

વંચાણે લીધા.–

૧ નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૦૫/૪૯૭ – ન તા. ૦૯/૦૫/૨૦૦૫

૨ નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૦૫/૪૯૭(૩૮)– ન તા. ૩૧/૦૩/૨૦૦૮

૩ નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૦૫/૪૯૭(૩૮)– પાર્ટ–૩– ન તા. ૦૩/૦૪/૨૦૧૨

૪ નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૦૫/૪૯૭(૩૮)– પાર્ટ–૨ – ન તા. ૦૩/૦૧/૨૦૧૫

૫ નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૦૫/૪૯૭(૩૮)– પાર્ટ–૨–ન તા. ૧૯/૦૩/૨૦૧૫

૬ નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૦૫/૪૯૭(૩૮)– પાર્ટ–૫–ન તા. ૦૩/૦૪/૨૦૧૭

૭ નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૦૫/૪૯૭(૩૮)– પાર્ટ–૫–ન તા. ૦૪/૦૫/૨૦૧૭

આમુખ:–

સમગ્ર રાજયમાં સુક્ષ્મ સિંચાઇ/ટપક/ફુવારા/રેઇનગન્સ/પોરસપાઇપ/(Micro Irrigation Drip/Sprinkle/Rainguns/Porous pipes) પદ્ધતિના સરળ અને એકસમાન અમલીકરણ થઇ શકે તે માટે તથા તેનો લાભ વધુ ને વધુ ખેડૂતોને સહેલાઇથી મળી શકે તે માટે એક સંકલીત યોજના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તા.૦૯/૦૫/૨૦૦૫ના ઠરાવથી અમલમાં મુકાયેલ છે. ઉકત યોજના અનુસાર તા.૩૧/૦૩/૨૦૦૮, તા.૦૩/૦૪/૨૦૧૨, તા.૦૩/૦૧/૨૦૧૫, તા.૧૯/૦૩/૨૦૧૫, તા. ૦૩/૦૪/૨૦૧૭ તેમજ તા. ૦૪/૦૫/૨૦૧૭ના સુધારા ઠરાવથી નક્કી થયા મુજબ રાજયમાં સુક્ષ્મ સિંચાઇ પદ્ધતિ અપનાવતા ખેડૂતોને કુલ એમ.આઇ.એસ.ની યુનિટ કોસ્ટ અન્વયે રાજ્ય સરકારની સબસીડી સહાયના ધોરણો નકકી કરવામાં આવેલ છે.

રાજયમાં સિંચાઇ માટે ઉપલબ્ધ પાણીનો પૂર્ણ ક્ષમતાથી ઉપયોગ થાય અને વધુમાં વધુ સંખ્યામાં ખેડૂતો સુક્ષ્મ સિંચાઇ અપનાવવા પ્રોસ્તાહિત થાય તે હેતુથી સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિની સહાય ગણતરી માટે ઉપયોગમાં લેવાતા યુનિટ કોસ્ટના ઘટકોની સમીક્ષા કરીને પ્રવર્તમાન સબસીડીની સહાયના ધોરણોમાં જરૂરી ફેરફાર કરવાની બાબત સરકારશ્રી વિચારણા હેઠળ હતી.

CamScanner

ઠરાવ :

પુખ્ય વિચારણાને અંતે, રાજયમાં સુક્ષ્મ સિંચાઇ યોજના માટે સરકારશ્રીએ દરેક કેટેગરીના ખેડૂતો માટે નોન ડાર્ક ઝોન વિસ્તાર તેમજ ડાર્કઝોન વિસ્તારના ૫૭ તાલુકા માટે હાલના સબસીડીના ધોરણોમાં ટકાવારી યથાવત રાખી રકમ મર્યાદા (સિલીંગ) દૂર કરવાનો નિર્ણય કરેલ છે. આથી સૂક્ષ્મ સિંચાઈ અપનાવતા બધી જ કેટેગરીના ખેડૂતોને નીચેના ટેબલમાં દર્શાવ્યા મુજબ સબસીડી આપવા માટે ઠરાવેલ છે.

| ક્રમ | ખેડૂત વર્ગ | નોન ડાર્ક ઝોન વિસ્તાર | ડાર્ક ઝોન વિસ્તારના ૫૭ તાલુકા માટે |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વર્ગ (બે અને બે હેકટરથી વધારે જમીન ધરાવતા) | સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિના એકમ ખર્ચના ૭૦% સુધી પ્રતિ હેકટર | સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિના એકમ ખર્ચના ૭૦% સુધી પ્રતિ હેકટર |
| ૨ | સમાન્ય વર્ગ: નાના અને સિમાંત ખેડૂતો (૨ હેકટરથી ઓછી જમીન ધરાવતા) | સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિના એકમ ખર્ચના ૭૦% સુધી પ્રતિ હેકટર | સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિના એકમ ખર્ચના ૮૦% સુધી પ્રતિ હેક્ટર |
| ૩ | અનુસુચિત જાતિ /જનજાતિ (આદિજાતિ વિસ્તારના ખેડૂતો) | સૂક્ષ્મ સિંચાઈ પ્રધ્ધતિના એકમ ખર્ચના ૮૫% સુધી પ્રતિ હેકટરની | સૂક્ષ્મ સિંચાઈ પ્રધ્ધતિના એકમ ખર્ચના ૯૦% સુધી પ્રતિ હેકટર |

આ ઠરાવની જોગવાઇનો અમલ ઠરાવ પ્રસિધ્ધ થાય ત્યારથી કરવાનો રહેશે તથા વંચાણમાં લીધેલ અન્ય ઠરાવોની શરતો યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

Y. S. Singh

(વાય.એસ.સિંઘ)
ઉપસચિવ(નર્મદા)
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને
કલ્પસર વિભાગ

નકલ સાદર રવાના પ્રતિ:-

૧. માન, મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૨. માન. મંત્રીશ્રી (નાણા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. માન. મંત્રીશ્રી (મહેસુલ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૪. માન. મંત્રીશ્રી (કૃષિ અને સહકાર) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૫. માન. મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ વિભાગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
૬. માન.રા.ક. મંત્રીશ્રી (જ.સં.(સ્વ.હ.)) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૭. માન.રા.ક.મંત્રીશ્રી (ગૃહ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

CamScanner

૮. મુખ્ય સચિવશ્રી, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
૯. વહિવટી સંચાલકશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લિ., ગાંધીનગર.
૧૦.વહીવટી સંચાલકશ્રી, ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની, મું. ફર્ટીલાઇઝરનગર, જિ.વડોદરા.
૧૧. અધ્યક્ષશ્રી, જી.ઇ.બી. વડોદરા.
૧૨. અધ્યક્ષશ્રી, ગુજરાત એગ્રો લી. ગાંધીનગર.
૧૩. અધિક મુખ્ય સચિવશ્રી કૃષિ અને સહકાર, સચિવાલય, ગાંધીનગર.
૧૪. સચિવશ્રી (ખર્ચ નાણા વિભાગ) સચિવાલય, ગાંધીનગર.
૧૫. અગ્ર સચિવશ્રી (મહેસુલ વિભાગ) સચિવાલય, ગાંધીનગર.
૧૬. અગ્ર સચિવશ્રી (વન અને પર્યાવરણ વિભાગ) સચિવાલય, ગાંધીનગર.
૧૭. અગ્ર સચિવશ્રી (ઉર્જા વિભાગ) સચિવાલય, ગાંધીનગર.
૧૮. અગ્ર સચિવશ્રી (જ.સં.) ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૯. સંયુકત વહિવટી નિયામકશ્રી, સ.સ.ન.નિ.લિ, સચિવાલય, ગાંધીનગર.
૨૦. સચિવશ્રી (આ.બા.) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨૧. સચિવશ્રી (કૃષિ) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨૨. સચિવશ્રી (નર્મદા) ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨૩. સચિવશ્રી (તમામ), સચિવાલય, ગાંધીનગર.
૨૪. સંચાલકશ્રી (વહીવટ) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. વડોદરા.
૨૫. સીલેકટ ફાઇલ.

CamScanner